

ગાંધીનગર ખાતે પ્રજાસત્તાક દિન ઉજવાયો

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી

ગાંધીનગર, તા.૨૭

આજના સૂર્યના સુવર્ણ કિરણો સાથે સમગ્ર રાજયમાં ૬૪ મા -જાસત્તાક દિનની ગર્વભેર ઉજવણી કરવામાં આવી હતી.રાજયના પાટનગર ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાના ૬૪ મા -જાસત્તાક દિનની ભવ્યાતિભવ્ય ઉજવણી ચ-૩ સર્કલ નજીકના ગ્રાઉન્ડ,ગાંધીનગરખાતે કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના -સંગે ઉપસ્થિત શિક્ષણ (-ાથમિક, માધ્યમિક, -ૈઢ), કાયદો અને ન્યાયતંત્ર, અન્ન નાગરિક પુરવઠો, ગ્રાહકોની બાબતોના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી.રાષ્ટ્રીય પર્વ નિમિત્તે મંત્રીશ્રીના હસ્તે સ્વાતંત્ર્ય સેનાની શ્રી નાનજીભાઈ હીરાભાઈ મકવાણા અને વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ ક્ષેત્રે યોગદાન કે સિધ્ધી હાંસલ કરનારાઓનું જિલ્લા વહીવટી તંત્ર તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. આ -સંગે શિક્ષણ (-ાથમિક, માધ્યમિક, -ૈઢ), કાયદો અને ન્યાયતંત્ર, અન્ન નાગરિક પુરવઠો, ગ્રાહકોની બાબતોના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે,૬૪મા -જાસત્તાક દિનની ઉજવણી આજે સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવી રહી છે. રાજયમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મ જયંતિ યુવા વર્ષ તરીકે ઉજવીને સમાજની સાચી શક્તિ સમા તમામ યુવાનોને સ્વામીજીના સ્વપ્ન સમા રષ્ટ્રના નિર્માણ માટે -વૃત્ત કરવાનું મહાઅભિયાન રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદર્યું છે. -સંગિક વક્તવ્યમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, કોઈપણ સત્તાધીશ હોય તેમના માટે -જાકલ્યાણ જ સર્વોપરિ હોવું જોઈએ તે વાતને રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાર્થક કરી છે. ગરીબીને મૂળમાંથી કાઢવા માટે સરકાર દ્વારા ૯૭૧ જેટલા ગરીબ કલ્યાણમેળા યોજી અંદાજે ૧૧ હજાર કરોડની સાધન-સહાય અને ચેકનું વિતરણ હાથોહાથ કરવામાં આવ્યું છે. ગરીબોને છત્ર પુરું પાડવાનું ભગીરથ કાર્ય સરકારે કર્યુ છે. છેલ્લા દશ વર્ષમાં રાજયમાં ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા ૬ લાખ ૮૭ હજાર ઘર વિહોણા બી.પી.એલ લાભાર્થીઓને રૂપિયા ૨૩૬૫ કરોડના ખર્ચે મકાનો ફાળવવામાં આવ્યા છે. તેમજ ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા ૯ લાખ ૫૨ હજાર જેટલા ગરીબ પરિવારોને રૂ.૪૫૦૦ કરોડના ખર્ચે મકાનો ફાળવવામાં આવ્યા છે. આગામી સમયમાં ગરીબ-મધ્યમ વર્ગના લોકો માટે ૫૦ લાખ આવાસો બાંધવાનો નિર્ણય સરકારે કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ઈન્ફોસીટી પાસે અન્ડર કન્સ્ટ્રક્શન બિલ્ડીંગના સાતમા માળે આગ ભભુકી

ધાબા પર ચાલી રહેલા વેલ્ડીંગ કામ દરમ્યાન તણખો ઉડીને એ.સી. યુનિટમાં થર્મોકોલ સીટ પર પડતા આગ લાગી હતી

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ફોસીટી નજીક ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટની સામે સ્થિત ઈન્ફોર્મેશન એન્ડ લાયબ્રેરી નેટવર્ક સેન્ટરની બિલ્ડીંગમાં વેલ્ડીંગ કામ દરમ્યાન તણખો સાતમાં માળે એ.સી. યુનિટના એક ભાગમાં થર્મોકોલ સીટ પર પડતા આગ ભભુકી ઉઠી હતી. આ અંગે ફાયર બ્રિગેડને જાણ કરતાં ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ બે વોટર બ્રાઉઝર સાથે બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેલવી લીધો હતો. સદ્‌ભાગ્યે આ બનાવમાં કોઈ જાનહાનિ કે કોઈને ઈજાઓ થવા પામી નથી. પરંતુ કંપનીના કેટલોક સામાન બળીને ખાખ થઈ જતા અંદાજે પાંચેક લાખનું નુકશાન થવા પામ્યું હતું.

ગાંધીનગર પાસે ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલા ડી.એ.આઈ.આઈ.સી.ટી. (ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યૂટ)ની સામેની અન્ડર કન્સ્ટ્રક્શન બિલ્ડીંગ ઈન્ફોર્મેશન એન્ડ લાયબ્રેરી નેટવર્ક સેન્ટરના ધાબે બપોરના સુમારે વેલ્ડીંગનું કામ ચાલી રહ્યું હતું. તે વખતે વેલ્ડીંગનો તણખો સાતમાં માળે ૨-સ્ટેજ ઈમ્પેરેટીવ યુનિટ (એ.સી. યુનિટનો ભાગ)માં થર્મોકોલની સીટ પર પડ્યો હતો. થર્મોકોલે આગ પકડી લેતા સાતમાં માળે આખા યુનિટમાં આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ કોલ મળતા જ બે વોટર બ્રાઉઝર સાથે બનાવ સ્થળે દોડી પહોંચી હતી અને પાણીનો સતત મારો ચલાવીને સાતમા માળે લાગેલી આગને કાબુમાં લઈ લીધી હતી. આ આગ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાનિ થવા પામી નથી જો કે યુનિટમાં સ્થિત વિજમોટર્સ, કેબલ તથા પંખા સહીતના ઈલેક્ટ્રીક સાધનો બળીને ખાખ થઈ જતાં કંપનીને અંદાજે પાંચેક લાખનું નુકશાન થવા પામ્યું હતું.

સુદાનના યુવાનો સુઆયોજિત ગાંધીનગરથી ખુબ પ્રભાવિત

આઈટીની તાલીમ લેવા માટે ગાંધીનગર આવેલા સુદાનના ઈજનેર યુવાનો તાલીમની સાથે સાથે ગુજરાતની સંસ્કૃતિ વિશે માહિતીગાર થઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતની સંસ્કૃતિમાં જ એવું મોહક તત્વ છે કે કોઈપણ વ્યક્તિ તેનાથી પ્રભાવિત થયા વિના ન રહે. અહીંની સંસ્કૃતિ, મિલનસાર વ્યક્તિઓ અને રહેણીકરણીએ સુદાનના યુવાનોને આકર્ષ્યા છે. આઈટીની તાલીમ લેવા માટે ગાંધીનગર આવેલા સુદાનના ઈજનેર યુવાનોને તો ગાંધીનગર ખુબ ગમી ગયું છે. તાલીમની સાથે સાથે અહીંની સંસ્કૃતિ અને ઐતિહાસિક સ્થળો વિશેની માહિતી તેઓ મેળવી રહ્યા છે.

ગાંધીનગર શહેર હવે ફક્ત સરકારીનગર નહીં રહેતાં આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ખ્યાતિ પ્રાપ્ત કરી રહ્યું છે. તેમાંય શિક્ષણની દૃષ્ટિએ આ નગર પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે. આજનાં પ્રગતીશીલ અને ટેકનોલોજીનાં યુગમાં યુવા વર્ગ ઉચ્ચ અભ્યાસ અને રોજગાર મેળવવા વિદેશ ભણી દોટ મુકી રહ્યા છે. તેવા સમયે ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવ માટેની તૈયારીઓ આરંભાઈ

દર વર્ષે ફેબ્રુઆરી માસના ત્રીજા અઠવાડિયામાં જ રોડ પર સંસ્કૃતિકુંજમાં યોજાતા વસંતોત્સવની ગાંધીનગરવાસીઓ રાહ જોઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૭

દર વર્ષે સંસ્કૃતિકુંજ ખાતે યોજાતા વસંતોત્સવની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આખુ વર્ષ સુના રહેતા સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવ દરમ્યાન દેશના વિવિધ પ્રાંતોના નૃત્ય અને સંગીતની સુરાવલીઓ ગુંજી ઉઠશે.

જ-રોડ પર સાબરમતી નદીની કોતરોમાં બનાવાયેલા સંસ્કૃતિ કુંજમાં વસંતપંચમી બાદ ફેબ્રુઆરી માસના ત્રીજા અઠવાડિયામાં વસંતોત્સવનું આયોજન કરવામાં આવે છે. દેશના જુદા જુદા પ્રાંતોના કલાકારો તેમના લોકનૃત્યો રજુ કરી જુદી જુદી સંસ્કૃતિ અને માન્યતાઓના દર્શન કરાવે છે. આ ઉપરાંત જુદા જુદા પ્રાંતની હસ્તકલાની ચીજવસ્તુઓ અને ખાણીપીણી સૌના આકર્ષણનું કેન્દ્ર બને છે. વસંતોત્સવને માણવા માટે ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને આસપાસના હજારો લોકો સંસ્કૃતિકુંજમાં ઉમટી પડે છે. આ વર્ષે ૨૦મી ફેબ્રુઆરીથી વસંતોત્સવ યોજાશે. જો કે ફાઈનલ તારીખ હવે નક્કી થશે. ત્યારબાદ જ નવા આકર્ષણો અને નૃત્ય વ્યવસ્થા અંગે માહિતી મળી શકશે. વસંતોત્સવ માટેની તૈયારીઓ સંસ્કૃતિ કુંજમાં શરૂ કરી દેવાઈ છે. સાફ સફાઈ અને લીંપણની કામગીરીનો પ્રારંભ થઈ ચુક્યો છે. સ્ટેજ અને બેઠક વ્યવસ્થાને વધુ મજબુત અને સુંદર બનાવવાની કામગીરી આરંભાઈ છે.

આજે ગાંધીકથા માટે ખાસ બસ વ્યવસ્થા

ગાંધીનગર, તા.૨૭

સાદરા ખાતે આરંભાયેલ નારાણભાઈ દેસાઈની 'ગાંધીકથા'ના ત્રીજા દિવસે એટલે કે ૨૮ જાન્યુઆરીએ સાદરા જવા માટે ખાસ બસ વ્યવસ્થા વીટકોસના સહયોગથી કરાઈ છે. સીનીયર સિટિઝન્સ કાઉન્સીલના સેક્ટર-૨૧ ખાતેના કાર્યાલય પાસે (મહારાષ્ટ્ર ભવન) ખાતેથી બપોરે ૧૧-૩૦ કલાકે બસ ઉપડશે. એ જ રીતે સાંજે ૪-૦૦ કલાકે કથા બાદ સાદરાથી ગાંધીનગર આવવા બસ વ્યવસ્થા કરાઈ છે. સિનિયર સિટિઝન્સ કાઉન્સીલના સભ્યો અને ગાંધીજનોને લાભ લેવા અખબારી યાદીમાં જણાવાયું છે.

સયક્લોનને પગલે રસ્તા બ્લોક કરી દેવાતા અડાલજ હાઈવે પર ચક્કાજામ

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદ ખાતે આજે યોજાયેલી સાક્લોનોનને પગલે રિંગ રોડ સહિત વિવિધ માર્ગો પર વાહનવ્યવહાર પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો. જેથી ગાંધીનગર-સરખેજ હાઈવે પર અડાલજ પાસે આજે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાવા પામી હતી તે ઉપરાંત કોબાથી વિસત માર્ગ પર પણ ટ્રાફિક જામના દૃશ્યો જોવા મળ્યા હતા. અડાલજ પાસે ટ્રાફીક ઓવરલોડ થઈ જતાં ચક્કાજામ થઈ જવા પામ્યો હતો. ડાયવર્ટ કરવામાં આવેલા માર્ગને પગલે ગાંધીનગરથી અમદાવાદ સરખેજ તરફ જતા તમામ વાહનચાલકોએ ઈન્દીરાબ્રીજ તરફના રસ્તેથી આખુ અમદાવાદ ફરવાનો વારો આવ્યો હતો.

કસ્તુરીનગર ખાતેની બેડમિન્ટન ટુર્નામેન્ટમાં હિરેન શાસ્ત્રી વિજયી

ગાંધીનગર, તા. ૨૭

ખેલ-મહાકુંભ-૨૦૧૨ અંતર્ગત ગાંધીનગર શહેરની બેડમિંગ્ટન સ્પર્ધા આજે કલોલ નજીક કસ્તુરીનગર (ઈફકો) ખાતે યોજવામાં આવી હતી. જેમાં ૬૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આજે યોજાયેલા આ ટૂર્નામેન્ટમાં અન્ડર-૧૬માં પથિક પટેલ, અન્ડર-૧૬ (ગર્લ્સ)માં ઊર્વી ઝાલા, ૧૬ થી ૪૫ વય જૂથમાં મનીષ શાહ, જ્યારે મહિલા વર્ગમાં દેવલ આચાર્ય, ૪૫ થી ૬૦ વય જૂથમાં હિરેન શાસ્ત્રી અને ૬૦ થી ઉપરની વયના ખેલાડીઓની સ્પર્ધામાં ભાઈજીબેન વિજયી થયા હતા.

આ ટુર્નામેન્ટમાં પન્ના ચાવડા તથા દિનેશ બડમલિયાએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. પથિક પટેલ, ઊર્વી ઝાલા, મનીષ શાહ, દેવલ આચાર્ય, હિરેન શાસ્ત્રી અને ભાઈજીબેન હવે આગળની સ્પર્ધામાં ભાગ લેશે.

વિજેતા ખેલાડીઓને ઉપસ્થિત રમતપ્રેમીઓએ અભિનંદન આપી અને તેમની રમતને બિરદાવી હતી.

ગાંધી સત્યની વાત હરિશ્ચંદ્ર નાટકમાંથી... અને અહિંસાની વાત કુટુંબમાંથી શીખ્યા

પૂજ્ય નારાયણભાઈ દેસાઈના વ્યાસાસને ગાંધીકથા (દિવસ બીજો) - સંકલન - રમેશભાઈ મ. પટેલ

નારાયણભાઈ દેસાઈએ ગાંધીકથાના બીજા દિવસે શરૂઆત કરતાં કહ્યું ઠાકોરદાસ અંગે ગાંધીજીને પ્રશ્ન પૂછ્યો અર્થશાસ્ત્ર શીખવું હોય તો શું કરવું. ગાંધીજીએ જવાબ આપ્યો હિન્દુસ્તાનના ગામડામાં જાઓ અર્થશાસ્ત્ર શીખવા મળશે. ગાંધીજી શરૂઆતના ૧૮ વર્ષ હિન્દુસ્તાનમાં રહ્યા. ૩ વર્ષ ઈંગ્લેન્ડમાં અને ૨૧ વર્ષ દક્ષિણ આફ્રિકામાં રહ્યા. ૧૮ વર્ષ સુધી ગાંધીએ સત્યની ખોજ કરી. ૩ વર્ષ સુધીમાં નાગરીકતા શીખી અને ૨૧ વર્ષમાં સત્યાગ્રહ કરી અવ્યવસ્થાને તોડવાનું કર્યું. ગાંધીએ કુમળી વયે ટોલસ્ટોયનાં પુસ્તક, સમાજવાદના પુસ્તકો વાંચ્યા, કાલમાર્કસનાં પુસ્તકો વાંચ્યાં જેના લીધે ગાંધીની નાગરિકતા વિશ્વની નાગરીકતા બની. અન્યાય જે કરે છે, અન્યાય જે સહે છે તે બન્નેને ઈશ્વરનો કોપ સૂકા ઘાસને બાળી મૂકે તેમ બાળે છે. પ્રિટરમારીસબર્ગમાં પ્રથમ ર્ગની ટીકીટ હોવા છતાં ગાડીમાંથી ધક્કો મારી ઊતારવાના પ્રસંગમાંથી સત્યાગ્રહ વિચારનાં બી રોપાયાં. દક્ષિણ આફ્રિકામાં ઘોડાગાડીમાં કાળા માણસે બેસાય નહીં, હોટલમાં પેસાય નહીં, ગાડીમાં મુસાફરી કરાય નહીં આ વિશે ગાંધીએ વિચાર્યું. આ માત્ર મારા માટે નહીં સમગ્ર હિન્દુસ્તાનીઓ માટે છે જેમાંથી સમષ્ટિનો ગુણ કેળવાય છે. બધાનું વિચારવું. વિરોધ વ્યક્તિનો નહીં વ્યવસ્થાનો કરાય. ગાંધી સત્યની વાત હરિશ્ચન્દ્રના નાટકમાંથી, અહિંસાની વાત કુટુંબમાંથી શીખ્યા. સવિનય કાનૂન ભંગ પત્ની કસ્તુરબા પાસેથી શીખ્યા.

મનરે ! મન કઠણ કરજે
મન રોગીનાં મૂળીયાં ઊંડા રે.

ગાંધીએ ૫૦ વર્ષ પોતાની શરૂઆતથી પરિવર્તન કરવાનું કહ્યું છે. ગાડીના પ્રવાસમાં પોલાર્ક જહોન રસ્કીનનું પુસ્તક આપ્યું તે વાંચી લીધું. આ પુસ્તકમાંથી ગાંધી

(તસવીર : દિપક જાની)

● અનુસંધાન પાન-૭ પર

તૃતિય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

જન્મ તારીખ ૨૬-૧૧-૧૯૨૮   સ્વર્ગવાસ તારીખ ૨૭-૦૧-૨૦૧૦

સ્વ. નવિનચંદ્ર મુલચંદ ધ્રુવ

બંધ કરી આંખ અને દર્શન કરીએ
ઝુકાવી પાંપણ તમને નમન કરીએ
નજર સમક્ષ કાયમ રહ્યા હવે ફક્ત છબી
જોવાની રહી, સૌનો છોડયો સાથ ઓચિંતા
લીધી વિદાય, કયાં જઈશું, કોને કહીશું, અમે,
અંતરની વાત એક પળ પણ ભૂલ્યા નથી
આંખોના અશ્રુ વહ્યા કરે છે, અંજલી આપતાં
શબ્દો ઓગળ્યાં કરે છે. પ્રભુ આપના
દિવ્યાત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

ગં. સ્વ. ભાવનાબેન નવીનચંદ્ર ધ્રુવ
જયેશ, સંજય, દિલિપ (પુત્રો)
રોનક, રોહન (પૌત્ર)
કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રી)

ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. અર્જુનભાઈ જી. પરમાર
સ્વર્ગવાસ તા. ૨૭-૧-૨૦૦૯

ચંદનસુ જીવન જીવીને સુખ સહુને દઈ ગયા.
ખુદ ઘસાઈ અમ કાજે સૌરભ પ્રસરી ગયા.
જીવન એવું જીવી ગયા કે કદી ભૂલાય નહીં.
વિદાય એવી લીધી કે કદી વિસરાય નહીં.
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના....

લિ.

આશાબેન કે. રાઠોડ	ગં.સ્વ. નંદાબેન એ. પરમાર
ભારતીબેન એ. પરમાર	પંકજભાઈ એ. પરમાર
રક્ષાબેન પી. સોલંકી	ચારૂલત્તા પી. પરમાર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT · KisaN · TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com